રાજ્યના એસ્પીરેશનલ જિલ્લાઓ દાહોદ અને નર્મદામાં પૂર્ણા યોજના હેઠળની બિન-પોષણ સેવાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : WCDD/IMR/-e-file/23/2022/0754-B (ICDS)
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:-**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ ના તા.૨૪/૦૧/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક : WCDD/IMR/-e-file/23/2022/0754-B (ICDS)

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગ ના તા.૧૯/૦૮/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક :આઈસીડી/૧૧૨૦૧૮/૧૫૦૯/બ

**આમુખ :-**

વંચાણે લીધા (૧) થી રાજ્યના એસ્પીરિશનલ જિલ્લા નર્મદા અને દાહોદ જીલ્લામાં ૧૪ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓ માટે "રીવાઈઝ સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ " યોજના અમલવારીમાં છે. આ યોજના હેઠળ કિશોરીઓને પૂરક પોષણ સેવામાં વાર્ષિક ૩૦૦ દિવસ માટે પ્રતિ દિવસ રૂા. ૯.૫૦/- લેખે પૂરક પોષણ આપવામાં આવે છે જેમાં ભારત સરકાર અને રાજ્ય સરકારનો ફાળો ૫૦:૫૦ મુજબનો છે. તેમજ બિન-પોષણ સેવામાં અન્ય વિભાગ દ્વારા કન્વર્ઝન્સથી આરોગ્ય તપાસ, પોષણ અને આરોગ્ય શિક્ષણ, આઈ.એફ.એ.ની ગોળી, સ્કિલ ટ્રેનીંગ અને જીવન કૌશલ્ય, શિક્ષણ આપવામાં આવે છે. "રીવાઈઝ સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ " યોજનામાં બિન-પોષણ સેવા માટે કોઈ જ પ્રકારની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ નથી. વંચાણે લિધેલ (૨) પરના ઠરાવથી રાજ્યમાં ૧૫-૧૮ વર્ષની કિશોરીઓ માટે પૂર્ણા યોજના અમલીકૃત છે. વંચાણે લીધેલ (૧) પરના ઠરાવના મુદ્દા નં.(૫) થી રાજ્યના એસ્પીરિશનલ જિલ્લાઓ નર્મદા અને દાહોદમાં "રીવાઈઝ સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ" યોજનાના અમલીકરણ માટે રાજ્યના ૧૦૦% રાજ્ય ફાળાથી ચાલતી પૂર્ણા યોજના બંધ કરેલ છે. જેથી પૂર્ણા યોજના હેઠળ મળતા બિન-પોષણ સેવાના વિવિધ કમ્પોનન્ટના લાભથી દાહોદ અને નર્મદાની કિશોરીઓ વંચિત ન રહી જાય તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

રાજ્યના એસ્પીરિશનલ જિલ્લાઓ દાહોદ અને નર્મદામાં "રીવાઈઝ્ડ સ્કીમ ફોર એડોલેસન્ટ ગર્લ્સ" યોજના અમલમાં છે. પૂર્ણા યોજનાના બિન-પોષણ સેવાના વિવિધ કમ્પોનન્ટના લાભથી દાહોદ અને નર્મદાની કિશોરીઓ વંચિત ન રહી જાય તે માટે પૂર્ણા યોજના હેઠળ મળતા બિન-પોષણ સેવાના વધારાના લાભ ચાલુ નાણાકીય વર્ષથી ચાલુ રાખવા માટે આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૬/૦૬/૨૦૨૩ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આઈ. લેઉવા)
ઉપ સચિવ,
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.07.06
12:29:26 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૪. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર

૫. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર

૬. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

૭. જીલ્લા વિકાસ અધિકારીશ્રી (દાહોદ અને નર્મદા)

૮. પ્રોગ્રામ ઓફીસરશ્રી, આઇસીડીએસ (દાહોદ અને નર્મદા)

૯. સીસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ( વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ)

૧૦. સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.07.06
12:29:26 +05:30